–: વેચાણ દસ્તાવેજ :–

વેચાણ અવેજ ₹. ..../–

અંકે રૂપિયા .... પુરાનો

સંવત ૨૦૭૫ ના .... ને વાર : ....વાર ને

તા............. મી ને માહે : .... સને ૨૦૧૯ ના અંગ્રેજી દિને....

પહેલા પક્ષના યાને ખરીદનારા :–

....

ઉ.આ.વ.–......, ધંધો–........,

ઠે. ....

પાન નં. બ

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં પહેલા પક્ષના યાને ખરીદનારા અગર તમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં પહેલા પક્ષના યાને ખરીદનારા પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.))

જોગ લી.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

<u>બીજા પક્ષના યાને વેચનારા :–</u>

"મેસર્સ ફ્રેન્ડસ ડેવલોપર" એક ભાગીદારી પેઢી જેનું ઠેકાણું : સર્વે નં.૧૫૬/૨, ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર) ફાયનલ પ્લોટ નં.૬૩, મોજે ગામ રાંદેર, જી.સુરત મુકામે આવેલ છે તે પેઢી વતી તથા તેના ભાગીદારો વતી અધિકૃત ભાગીદાર
પાન નં. AAEFF6308A
અમીતકુમાર ચંદ્રકાન્ત માલી
ઉ.આ.વ.–૩૬, ધંધો–વેપાર,
ઠે.૨૨,સહયોગ સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરત.

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં બીજા પક્ષના યાને વેચનારા અગર અમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં બીજા પક્ષના યાને વેચનારા પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.))

આથી હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :–

(૧) **નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત હમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ચાલી આવેલી છે. સદરહુ મીલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને ₹................../– અંકે રૂપીયા .... પુરાના કિમતી અવેજ બદલ વેચાણ આપી છે. જેનો હમો બીજા પક્ષના આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ.**

(૨) **સુરત ડીસ્ટ્રીકટ સુરત સીટી સબડીસ્ટ્રીકટના મોજે ગામ અડાજણના રેવન્યુ સર્વે નં.૫૮૮/૧ પૈકી વાળી જમીનના મુળ માલીક મકનભાઈ નાથુભાઈ હતાં. જેઓ તા.૦૧.૧૨.૧૯૭૬ ના રોજ ગુજરી ગયેલા અને તેઓ ગુજરી જતાં તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર ધનકોરબેન તે મકનભાઈ નાથુભાઈની વિધવા, ઠાકોરભાઈ મકનભાઈ, માધુભાઈ મકનભાઈ, ધનસુખલાલ મકનભાઈ, મનસુખલાલ મકનભાઈ અને છોટુભાઈ મકનભાઈ થયેલા. જેઓ પૈકી ધનકોરબેન તે મકનભાઈ નાથુભાઈની વિધવા, ઠાકોરભાઈ**

મકનભાઈ, માધુભાઈ મકનભાઈ, ધનસુખલાલ મકનભાઈ, મનસુખલાલ મકનભાઈના નામો સદરહું જમીનના રેકર્ડઝ ઓફ રાઈટસમાં દાખલ કરવામાં આવેલા.

ત્યારબાદ, સદરહું જમીનના રેકર્ડઝ ઓફ રાઈટસમાં પુરવણી પત્રક નં.૧૮ લાગુ પાડવામાં આવેલું અને જે અંગેનો હુકમ મહે. ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર સાહેબશ્રી, લેન્ડ રેકર્ડઝએ તેમના હુકમ ક્રમાંક નં.પો.હિ./અડાજણ તા.૧૭.૦૪.૧૯૮૨ ના રોજ કરેલો અને જે હુકમ મુજબ સદરહું જમીનને સર્વે નં.૫૮૮/૧/બ આપવામાં આવેલો. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૩૧.૦૫.૧૯૮૨ ના રોજ એન્ટ્રી નં.૪૪૧૭ થી પાડવામાં આવેલી અને જે એન્ટ્રી પ્રમાણિત થયેલી.

ત્યારબાદ, મજકુર જમીન માલીકો પૈકી ધનકોરબેન તે મકનભાઈ નાથુભાઈની વિધવા તા.૧૧.૧૦.૧૯૯૨ ના રોજ ગુજરી ગયેલા અને તેમના વારસદારો પૈકી ભગવાનભાઈ મકનભાઈ તા.૦૬.૦૯.૧૯૯૪ ના રોજ ગુજરી ગયેલા અને તેઓ ગુજરી જતાં તેમના કાયદેસરના વારસદાર અંબાબેન તે ભગવાનભાઈ મકનભાઈની વિધવા મરહુમના હીસ્સાના સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા. તે જ રીતે મનસુખલાલ મકનભાઈ પટેલ તા.૦૫.૦૧.૨૦૦૦ ના રોજ ગુજરી ગયેલા અને તેઓ ગુજરી જતાં તેમના કાયદેસરના સીધીલીટી વારસદાર દિપકભાઈ મનસુખલાલ મરહુમના હીસ્સાના સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા.

ત્યારબાદ, મજકુર જમીન માલીક ઠાકોરભાઈ મકનભાઈની સંમતિથી સદરહું જમીનના રેકર્ડઝ ઓફ રાઈટસમાં કિશોરભાઈ ઠાકોરભાઈ, વિનોદભાઈ ઠાકોરભાઈ અને અશોકભાઈ ઠાકોરભાઈના નામો સામાયિકપણાંમાં દાખલ કરવામાં આવેલા. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૦૫.૦૧.૨૦૦૫ ના રોજ એન્ટ્રી નં.૯૫૮૨ થી પાડવામાં આવેલી અને જે એન્ટ્રી પ્રમાણિત થયેલી.

ત્યારબાદ, મજકુર જમીન માલીકો પૈકી માધુભાઈ મકનભાઈ તા.૧૬.૦૩.૨૦૦૫ ના રોજ ગુજરી ગયેલા અને તેઓ ગુજરી જતાં તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર લક્ષ્મીબેન તે માધુભાઈ મકનભાઈની વિધવા, સવિતાબેન માધુભાઈ, શાંતિલાલ માધુભાઈ, સુશીલાબેન માધુભાઈ, હસમુખભાઈ માધુભાઈ, કમુબેન માધુભાઈ અને પ્રવિણભાઈ માધુભાઈ મરહુમના હીસ્સાના સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૦૯.૦૨.૨૦૦૭ ના રોજ એન્ટ્રી નં.૧૦૨૭૬ થી પાડવામાં આવેલી અને જે એન્ટ્રી તા.૨૩.૦૮.૨૦૦૭ ના રોજ પ્રમાણિત થયેલી.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

ત્યારબાદ, મજકુર જમીન માલીકો પૈકી છોટુભાઈ મકનભાઈની સંમતિથી સદરહું જમીનના રેકર્ડઝ ઓફ રાઈટસમાં કાંતિભાઈ છોટુભાઈ પટેલ, ઈલાબેન અરૂણભાઈ પટેલ અને મહેશભાઈ છોટુભાઈ પટેલના નામો સામાયિકપણાંમાં દાખલ કરવામાં આવેલા. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૧૪.૦૮.૨૦૦૭ ના રોજ એન્ટ્રી નં.૧૦૪૭૯ થી પાડવામાં આવેલી અને જે એન્ટ્રી તા.૨૭.૦૨.૨૦૦૮ ના રોજ પ્રમાણિત થયેલી.

ત્યારબાદ, મજકુર જમીનમાલીકો પૈકી ઠાકોરભાઈ મકનભાઈ તા.૩૦.૦૯.૨૦૦૯ ના રોજ તથા કમળાબેન તે ઠાકોરભાઈ મકનભાઈની વિધવા તા.૦૫.૦૨.૨૦૦૦ ના રોજ ગુજરી ગયેલા અને તેઓ ગુજરી જતાં તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર કિશોરભાઈ ઠાકોરભાઈ, વિનોદભાઈ ઠાકોરભાઈ, અશોકભાઈ ઠાકોરભાઈ, નલીનીબેન ઠાકોરભાઈ તે શાંતિલાલ મંછારામની ધણીયાણી, અરૂણાબેન ઠાકોરભાઈ તે ઈશ્વરભાઈ છબીલભાઈની ધણીયાણી અને અંજનાબેન ઠાકોરભાઈ તે બળવંતભાઈ ખુશાલભાઈની વિધવા મરહુમના હીસ્સાના સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૦૭.૧૧.૨૦૦૯ ના રોજ એન્ટ્રી નં.૧૦૯૮૪ થી પાડવામાં આવેલી અને જે એન્ટ્રી તા.૩૧.૧૨.૨૦૦૯ ના રોજ પ્રમાણિત થયેલી.

ત્યારબાદ, મજકુર જમીનમાલીકો પૈકી નલીનીબેન ઠાકોરભાઈ તે શાંતિલાલ મંછારામની ધણીયાણી, અરૂણાબેન ઠાકોરભાઈ તે ઈશ્વરભાઈ છબીલભાઈની ધણીયાણી અને અંજનાબેન ઠાકોરભાઈ તે બળવંતભાઈ ખુશાલભાઈની વિધવાએ સદરહું જમીનમાંનો તેમનો હકક હીત હીસ્સો કિશોરભાઈ ઠાકોરભાઈ, વિનોદભાઈ ઠાકોરભાઈ અને અશોકભાઈ ઠાકોરભાઈના લાભમાં જતો કરેલો. જે અંગેનો રીલીઝનો દસ્તાવેજ મહે. સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૨૫.૦૮.૨૦૧૪ ના રોજ અનુક્રમ નં.૭૯૬ થી નોંધાયેલો. તે જ રીતે મજકુર જમીન માલીકો પૈકી લક્ષ્મીબેન તે માધુભાઈ મકનભાઈની વિધવા, સવિતાબેન માધુભાઈ તે ડાહયાભાઈ શિવરામની વિધવા, સુશીલાબેન માધુભાઈ તે દીનેશભાઈ રામજીભાઈની ધણીયાણી અને કમુબેન માધુભાઈ તે રમેશભાઈ નરસિંહભાઈની ધણીયાણીએ સદરહું જમીનમાંનો તેમનો હકક હીત હીસ્સો શાંતિલાલ માધુભાઈ, હસમુખભાઈ માધુભાઈ અને પ્રવિણભાઈ માધુભાઈના લાભમાં જતો કરેલો. જે અંગેનો રીલીઝનો દસ્તાવેજ મહે. સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૩૧.૦૭.૨૦૧૪ ના રોજ અનુક્રમ નં.૬૯૩ થી નોંધાયેલો. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૧૭.૧૧.૨૦૧૪ ના રોજ એન્ટ્રી નં.૧૧૮૯૨ થી પાડવામાં આવેલી અને જે એન્ટ્રી તા.૦૯.૦૧.૨૦૧૫ ના રોજ પ્રમાણિત થયેલી.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

સદરહું જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમ હેઠળ સમાવેશ થતાં સદરહું જમીનને ટી.પી.સ્કીમ નં.૧૦(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૯૯ આપવામાં આવેલો અને જેનું ક્ષેત્રફળ ૨૧૫૯.૦૦ ચો.મી. ફાળવવામાં આવેલું.

સદરહું જમીનમાં બીનખેતીના કૃત્ય કરવા અંગેની પરવાનગી મહે. કલેકટર સાહેબશ્રી, સુરતનાએ તેમના હુકમ ક્રમાંક નં.એ/બખપ/એસ.આર.નં.૭૨૭/૧૭/આઈ.ડી. નં.૨૧૦૩૬૧/વશી. ૮૨૪૭ થી ૮૨૬૧/૧૭, તા.૧૧.૦૯.૨૦૧૭ થી આપેલી.

સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગેની પરવાનગી સુરત મહાનગરપાલીકાએ રજાચિઠ્ઠી નં.ટી.ડી.ઓ./ડી.પી. નં.૩૦૮, તા.૧૬.૦૯.૨૦૧૭ થી આપેલી.

સદરહું જમીનના રેકર્ડઝ ઓફ રાઈટસમાં પાડવામાં આવેલ એન્ટ્રી નં.૯૭૩, ૧૪૫૧, ૧૮૦૬, ૧૮૦૯, ૨૪૭૫, ૨૫૬૬, ૩૦૭૭, ૪૦૪૭, ૮૧૭૦, ૯૩૨૭ નો રેકર્ડ અવાચ્ય હોય, જે અંગેનું પ્રમાણપત્ર મામલતદાર સાહેબશ્રી, સુરતનાએ તેમના પત્ર ક્રમાંક નં.જદક/જુની નકલ/ન.અ.નં. ૫૧૦૬/૧૫–૧૬ થી તા.૦૬.૦૩.૨૦૧૭ ના રોજ આપેલુ છે.

ઉપરોકત હકીકતે છોટુભાઈ મકનભાઈ, ધનસુખભાઈ મકનભાઈ, અંબાબેન ભગવાનભાઈ, દિપકભાઈ મનસુખલાલ, મહેશભાઈ છોટુભાઈ પટેલ, કિશોરકુમાર ઠાકોરભાઈ પટેલ, વિનોદકુમાર ઠાકોરભાઈ, અશોકકુમાર ઠાકોરભાઈ, શાંતિલાલ માધુભાઈ, હસમુખભાઈ માધુભાઈ, પ્રવિણભાઈ માધુભાઈ, કાંતિભાઈ છોટુભાઈ, ઈલાબેન અરૂણભાઈ સદરહું બ્લોક/સર્વે નં.૫૮૮/૧/બ, ટી.પી.સ્કીમ નં.૧૦(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૯૯ વાળી જમીન, જેનું ક્ષેત્રફળ ૨૧૫૯.૦૦ ચો.મી. વાળી જમીનના સ્વતંત્ર માલિક મુખત્યાર અને કબજેદાર થયેલા.

ત્યારબાદ, મજકુર માલીકો કનેથી સદરહું બ્લોક/સર્વે નં.૫૮૮/૧/બ, ટી.પી.સ્કીમ નં.૧૦(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૯૯ વાળી જમીન, જેનું ક્ષેત્રફળ ૨૧૫૯.૦૦ ચો.મી. વાળી જમીન "મેસર્સ ફ્રેન્ડસ ડેવલોપર" એક ભાગીદારી પેઢી વતી તેના અધિકુત ભાગીદાર અમીતકુમાર ચંદ્રકાન્ત માલીએ તા.૧૭.૦૧.૨૦૧૯ ના રોજ વેચાણથી રાખેલી. જેનો પાકો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૧૭.૦૧.૨૦૧૯ ના રોજ અનુક્રમ નં.૭૨૫ થી નોંધાયેલો. અને તે રીતે સદરહું બ્લોક/સર્વે નં.૫૮૮/૧/બ, ટી.પી.સ્કીમ નં.૧૦(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૯૯ વાળી જમીન, જેનું

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

ક્ષેત્રફળ ૨૧૫૯.૦૦ ચો.મી. વાળી જમીનના સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર "મેસર્સ ફ્રેન્ડસ ડેવલોપર" એક ભાગીદારી પેઢી યાને હમો બીજા પક્ષના થયેલા. જેની એન્ટ્રી રેવન્યુ દફતરે તા.૨૧.૦૧.૨૦૧૯ ના રોજ એન્ટ્રી નં.૧૨૬૦૦ થી પાડવામાં આવેલી. અને જે એન્ટ્રી તા.૨૭.૦૨.૨૦૧૯ ના રોજ પ્રમાણિત થયેલી.

મજકુર "મેસર્સ ફ્રેન્ડસ ડેવલોપર" એક ભાગીદારી પેઢીએ ભારતીય ભાગીદારી કાયદા અન્વયે નોંધાયેલી એક ભાગીદારી પેઢી છે અને જેનો રજીસ્ટ્રેશન નં.નગવળકચળક્ષ્ડડજ્ઞણણ છે અને જે મુજબ ધવલભાઈ મહેન્દ્રભાઈ જરીવાલા, અમીતકુમાર ચંદ્રકાન્ત માલી અને ખ્યાતી સ્નેહલ બોધાવાલા સદરહું ભાગીદારી પેઢ ી ના ભાગીદાર છે. બીજા પક્ષના પેઢીના ઓર્થોરાઈઝ ભાગીદાર તરીકે અમીતકુમાર ચંદ્રકાન્ત માલીની નિમણુંક ભાગીદારોએ સર્વ સંમતિથી કરી છે.

ત્યારબાદ, ઉપરોકત પરવાનગીઓને આધીન હમો બીજા પક્ષનાએ સદરહું જમીનમાં જુદા જુદા પ્લોટોનું આયોજન કરેલું, જે **"અલ્ટીમો બંગ્લોઝ"** ના નામથી ઓળખાય છે.

ઉપરોકત હકીકતે હમો બીજા પક્ષના સદરહુ નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકતના સ્વતંત્ર માલિક મુખત્યાર અને કબજેદાર છીએ અને સદરહુ મીલકતમાં હમો બીજા પક્ષના સિવાય અન્ય કોઈનો હકક, હિત, હિસ્સો ચાલી આવેલો નથી અને તેવા હકક અને અધિકારની રૂએ સદરહુ મીલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી છે.

(૩) બીજા પક્ષનાએ સદરહુ મીલકત ઉપર કોઈ કરજ કર્યુ નથી. તેમજ સદરહુ મીલકત કોઈને પણ ગીરોમાં આપી નથી. સદરહુ મીલકત થકી બીજા પક્ષના કોઈના કોઈ પણ જાતના જામીન થયા નથી. સદરહુ મીલકતના ટાઈટલ ડીડસ બીજા પક્ષનાએ કોઈને પણ ઈકવીટેબલ ગીરો કરવાને ઈરાદે સુપ્રત કર્યા નથી. ટુંકમાં સદરહુ મીલકત નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી છે.

(૪) સદરહુ મીલકત ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ બોજો કે લીયનના હકકો નથી. સદરહુ મીલકત અંગે કોઈ પણ સરકારી કે અર્ધ સરકારી લેણું બાકી પડતું નથી. તેમજ સદરહુ મીલકત કોઈપણ સરકારી કે અર્ધ સરકારી અમલદારના હુકમથી ટાંચ કે જપ્તીમાં નથી. ટુંકમાં સદરહુ મીલકત નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી છે.

(૫) સદરહુ મીલકત અંગે કોઈપણ કોર્ટમાં કોઈપણ પ્રકરણ ચાલતું નથી. તેમજ સદરહુ મીલકત અંગે કોઈપણ કોર્ટમાં કોઈપણ મનાઈ હુકમ અસ્તિત્વમાં નથી. સદરહુ મીલકત કોઈપણ કોર્ટના હુકમથી જપ્તીમાં કે અવલ જપ્તીમાં નથી. ટુંકમાં સદરહુ મીલકત બોજા રહીત, નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી છે.

(૬) સદરહુ મીલકતમાં બીજા પક્ષના સિવાય અન્ય કોઈના પણ કોઈપણ પ્રકારની લાગભાગ હકક હિસ્સા કે દરદાવો નથી અને બીજા પક્ષના સદરહુ મીલકતના એકલા અને સ્વતંત્ર માલીક કબજેદાર છે. અને બીજા પક્ષનાને એકલાને સદરહુ મીલકતના માલીક તરીકે સદરહુ મીલકત વેચાણ બક્ષિસ ગીરો યા અન્ય હર કોઈ રીતે તબદીલ કરવા તથા સદરહુ મીલકતની પોતાનું દિલ ચાહે તે રીતની તમામ પ્રકારની વહીવટ વ્યવસ્થા તબદીલી કરવા હકક અને અધિકાર છે.

(૭) પોતાના તેવા હકક અધિકારની રૂએ બીજા પક્ષનાએ સદરહુ મીલકત પહેલા પક્ષનાને વેચાણ આપી છે. અને હવેથી સદરહુ મીલકત ના પહેલા પક્ષના આ દસ્તાવેજની રૂએ સ્વતંત્ર અને સંપુર્ણ માલીક થયા છે સહિ.

(૮) સદરહુ મીલકતનો પુરેપુરો વેચાણ અવેજ પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને નીચે પરીશિષ્ટમાં જણાવ્યા મુજબ ચુકવી આપ્યો છે અને તે વેચાણ અવેજ બીજા પક્ષનાને પુરેપુરો ચુકતે મળી ગયા છે અને તેની બીજા પક્ષના આથી પહોંચ સ્વીકારે છે. અવેજ નહિ મળ્યાની કે અવેજ ઓછો મળ્યાની કોઈ તકરાર બીજા પક્ષના કે અન્ય કોઈ પણ કરી શકે નહી તેમ છતાં જો કોઈ કરે તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

(૯) સદરહુ મીલકતના હવેથી પહેલા પક્ષના માલીક થયા હોવાથી સદરહુ મીલકતના રેકર્ડ ઓફ રાઈટસમાં યા પ્રોપર્ટી કાર્ડમાં પહેલા પક્ષનાનું નામ પહેલા પક્ષનાએ દાખલ કરાવી લેવાનું છે અને હમો બીજા પક્ષનાને આ દસ્તાવેજના આધારે સંમતિ ગણી લેવાની છે.

(૧૦) સદરહુ મીલકતના આજદિન સુધીના તમામ કરવેરા બીજા પક્ષનાએ ભરી દીધા છે અને હવેથી સદરહુ મીલકતના તમામ કરવેરા પહેલા પક્ષનાએ માલીક તરીકે ભરવાના છે સહિ.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

(૧૧) સદરહુ મીલકત બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી વેચાણ આપી છે અને તે તમામ ટાઈટલ તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસી લીધા છે સહી અને ભવિષ્યમાં સદરહુ મીલકતના ટાઈટલ બાબતે કોઈ તર તકરાર તમો પહેલા પક્ષનાએ કરવા કરાવવાની નથી.

(૧૨) સદરહુ મીલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો બીજા પક્ષનાએ આજરોજ પહેલા પક્ષનાને સુપ્રત કર્યો છે અને સદરહુ મીલકતને તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસીને અને માપ સાઈઝ તથા ટાઈટલ ચેક કરીને સદરહુ મીલકતનો કબજો સ્વીકારેલ છે અને સદરહુ મીલકતની સ્થળસ્થિતિ તપાસી લીધી છે અને તે અંગે તમો પહેલા પક્ષનાએ કોઈ તર તકરાર ભવિષ્યમાં પહેલા પક્ષનાએ કરવા કરાવવાની નથી અને કરે યા કરાવે તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

(૧૩) બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને મીલકત વેચાણ આપેલી છે અને તે આખો વિસ્તાર **"અલ્ટીમો બંગ્લોઝ"** ના નામથી ઓળખાય છે અને તે વિસ્તારમાં કોમન ફેસીલીટીઓ જેવી કે એન્ટ્રન્સ ગેટ, અન્ડર ગ્રાઉન્ડ ઈલેકટ્રીકસીટી નેટવર્ક, સી.સી.ટી.વી. કેમેરા, અન્ડરગ્રાઉન્ડ વોટર ડ્રેનેજ નેટવર્ક, આર.સી.સી. સોસાયટી રોડ,રોડ સાઈડ બ્લોક, સ્ટ્રીટ લાઈટ, કોમન પ્લોટ/ગાર્ડન, વિગેરે સવલતો આપવામાં આવેલી છે. જે તમામ સવલતો પહેલા પક્ષનાએ અન્ય પ્લોટ હોલ્ડરો સાથે સંયુકત રીતે સહીયારી રીતે વાપરવાની છે અને તે તમામ સવલતોમાં તમો પહેલા પક્ષનાએ સ્વચ્છતાં જાળવવાની છે અને કોઈ પણ પ્રકારની ગંદકી કરવાની નથી અને તે તમામ સવલતોના નિભાવ ખર્ચની જવાબદારી તમો પહેલા પક્ષનાની અન્ય પ્લોટ હોલ્ડરો સાથે સંયુકત તથા સહીયારી રીતે નિભાવવાનો છે સહી. અને તે તમામ ફેસીલીટી તમો પહેલા પક્ષનાએ જોઈ–તપાસી લીધેલી છે અને તે અંગે કોઈ પણ જાતની તરતકરાર તમો પહેલા પક્ષનાએ બીજા પક્ષના સાથે કરવા કરાવવાની નથી અને કરે યા કરાવે તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

(૧૪) તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મીલકતના લે–આઉટના પ્લાનમાં જણાવ્યા મુજબના રોડ રસ્તાઓનો ઉપયોગ આવવા જવા માટે કરવાનો છે અને તે રોડ રસ્તા ઉપર કોઈ પણ જાતનું ખોદકામ, બાંધકામ કે કોઈ પણ જાતનું દબાણ હસ્તે પરહસ્તે કરવા કરાવવાનું નથી. અને સદરહુ મીલકતના એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કોઈપણ રીતે તમો પહેલા પક્ષના કરી કરાવી શકશો નહીં. સદરહુ સોસાયટીના તમામ સભ્યોએ ભેગા મળી ફાયર સેફટી દર વર્ષે તેમજ સમયસર તેનું મેઈન્ટેનન્સ કરાવવાનું રહેશે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

(૧૫) તમો પહેલા પક્ષનાએ ઈલેકટ્રીક સીટીને લગતો તમામ ખર્ચ, ગેસ કનેકશન, ગ્રામ પંચાયતના વેરા તથા એસ.એમ.સી. ટેક્ષ તેમજ સરકારી તથા અર્ધસરકારી વેરાઓ, સર્વિસ ટેક્ષ/ વેટ ટેક્ષ/ જી.એસ.ટી. અને આઈ.સી.નાં નાણા તથા સોસાયટીનો મેઈન્ટેનન્સ ચાર્જ વિગેરે પણ તમો પહેલા પક્ષનાએ અલગથી ચુકવવાનો રહેશે.

(૧૬) સદરહુ મીલકતનો ઉપયોગ તમો પહેલા પક્ષનાએ ફકત રહેઠાણ માટે જ કરવાનો રહેશે અને તે સિવાયનો ઉપયોગ તમો પહેલા પક્ષનાએ કરવાનો નથી. સદરહુ મીલકતનો વપરાશ તમો પહેલા પક્ષનાએ અન્ય હોલ્ડર્સોને/સભાસદોને કોઈ અડચણરૂપ થાય તેમજ આવવા જવામાં તકલીફ ઉપસ્થિત થાય તેવા કૃત્યો તમો પહેલા પક્ષનાએ કરવા કરવવાના નથી.

(૧૭) સદરહુ વેચાણ આપેલ મીલકત અંગે તમો પહેલા પક્ષનાને અલગ આપેલ બુકલેટમાં દર્શાવ્યા પ્રમાણેના પ્લાનમાં જે રોડ રસ્તાની જગ્યા બતાવવામાં આવેલ છે. જેમાં તમો પહેલા પક્ષનાએ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવા કરવવાનું નથી. તેમજ અન્ય હોલ્ડર્સોને જવા આવવામાં અડચણ ઉપસ્થિત થાય તેવું કૃત્ય તમો પહેલા પક્ષનાએ કરવા કરાવવાનું નથી. સદરહુ રોડ રસ્તાની જગ્યાનો વપરાશ તમો પહેલા પક્ષનાએ ફકત આવવા જવાના હકકો માટે, વીજળી કનેકશન માટે, પાણી–ડ્રેનેજ લાઈન લેવા માટે, ટેલીફોનના દોરડા નાંખવા માટે અન્ય હોલ્ડર્સો સાથે સહીયારો કરવાનો રહેશે સહિ.

(૧૮) આજદીન બાદ કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પુર, આગ, વાવાઝોડુ વિગેરે તથા માનવ સર્જીત આપત્તિઓ જેવી કે રમખાણો, યુધ્ધ વિગેરેને કારણે સદરહું કોમન ફેસીલીટીની સગવડોના બાંધકામને નુકશાન થાય તો તેની સંપુર્ણ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી તથા તે અંગે હમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી ગણાશે નહી.

(૧૯) સદરહુ મીલકતને લગતા જુના અસલ દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ સુપ્રત કર્યા છે.

(૨૦) સદરહું પ્રોજેકટ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) એકટ, ૨૦૧૬ હેઠળ નોંધાયેલો છે અને જેનો રજીસ્ટ્રેશન નં. .... તા. .... છે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

(૨૧) **સદરહું મીલકતનો રજીસ્ટર્ડ/નોટરી સાતાખત તા.........અનુક્રમ નં.............નોધાયેલ છે.**

(૨૨) આ કરાર હેઠળની જોગવાઈ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈ પણ લાગુ પડતા કાયદા હેઠળ રદ પાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો કરારની તે જોગવાઈઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અદ્રય જોગવાઈઓ માદ્રય રહેશે. અને કરાર કરતી વખતે લાગુ પડવા પાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(૨૩) સદરહુ વેચાણ રાખેલી મીલકત અંગે બીજા પક્ષના જે સર્વિસ સોસાયટી, કંપની બનાવે તેમા સભ્ય હોવાનું ફરજીયાત છે અને તેના તમામ નિતી–નિયમો, ફેરફાર કે બદલાવ કરવામાં આવે તે તમામ હમો પહેલા પક્ષનાને બંધનકર્તા રહેશે સહી અને જયા સુધી સર્વિસ સોસાયટી બને નહી ત્યાં સુધી બીજા પક્ષના જે મેઈનટેન્નસ નકકી કરે તે તમો પહેલા પક્ષના ચુકવી આપવાનુ ફરજીયાત છે.

(૨૪) આ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષના પહેલા પક્ષના જે સોસાયટી બનાવશે તેમાં પ્રોજેકટની જમીન સહિત વણવહેંચાયેલા હિસ્સાની જમીન પણ સોસાયટીને સુપરત કરશે સહી.

(૨૫) સદરહુ મિલકત તમો પહેલા પક્ષનાને કબજો સોપ્યાની તારીખથી ૫ વર્ષ સુધી સ્ટ્રકચરલની ખામી થયેલ હોયતો તે અમો બીજાપક્ષના પોતાના ખર્ચે કરાવી આપશે પરંતુ સદરહુ મિલકતમાં તમો પહેલા પક્ષના અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ ફેરફાર કરવા કરાવવાનો નથી તેમજ એસી, કીચન ચીમની કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનિક કે અન્ય ઉપકરણો ફીટીંગ કરવા માટે કોઈપણ આર.સી.સી.કામ, બીમ્બ–કોલમ–સ્લેબ–દિવાલ–પીલર–ફલોરીંગ–આર.સી.સી.પરદી, દાદર અને કોમન પેસેજમાં તોડફોડ, સળિયા કટીંગ કે હોલ કટીંગ કરાવવા નહી. અને તેમાં કોઈપણ પ્રકારની સ્ટ્રકચરલ ખામી ઉદભવે કે બાંધકામની ગુણવત્તામાં કોઈપણ ખામી ઉદભવે તેવા કૃત્યો પહેલા પક્ષનાએ કરવા કરાવવાના નથી. અને તેવા કોઈપણ મેજર ફેરફાર કરવા પડે તો બીજા પક્ષનાની લેખીત પરવાગી તથા સદરહુ પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયર વિગેરેની લેખિત પરવાનગીથી કરવાની છે સહી. અને જો તેમ કરવા કરવામાં પહેલા પક્ષના ધ્વારા કસુર કરવામાં આવે તો તે અંગેની તમામ નુકશાની પહેલા પક્ષનાએ ભોગવવાની છે સહી. સદરહુ મિલકતમાં અમો બીજાપક્ષનાની પરવાનગી વિના સ્ટ્રકચર કે બાંધકામમાં ફેરફાર કરવામાં આવેલ હશે તો તે અંગેની તમામ જવાબદારી તમો પહેલાપક્ષના અને સોસાયટીની રહેશે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

(૨૬) આ કરારની બોલીયો તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારી વિગેરે બાબત અરસ–પરસ સંમતિ ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) એકટ, ૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન નિમવવામાં આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

(૨૭) આ વેચાણ દસ્તાવેજ કરવા માટેની સ્ટાંપ ફી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપ ખર્ચ તથા દસ્તાવેજનાં આનુસાંગીક જે કાંઈ ખર્ચ થાય તે તમામ ખર્ચ તમો પહેલા પક્ષનાએ ભોગવવાનો છે સદરહુ મીલકતની બજાર કિંમત રૂ..................../– છે અને સરકારશ્રીની જંત્રી મુજબ રૂ.............../– નો જનરલ સ્ટાંમ્પ વાપરી આ વેચાણ દસ્તાવેજ કર્યો છે. તેમ છતાં ભવિષ્યમાં જો સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન એકટ મુજબ જો કોઈ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તે તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાની રહેશે સહી અને તમો જે કંઈ વધારાની રકમ સ્ટેમ્પ ડયુટી પેટે ભરપાઈ કરો તો તેના આધારે કોઈ વધારાની રકમ અમોને અવેજ તરીકે મળેલ ગણાશે નહી.

–: પરિશિષ્ટ :–

અનું. નં.	બેંકનું નામ	ચેક નં.	તારીખ	રકમ
	કુલ			

–: મીલકતની વિગત :–

સુરત ડિસ્ટ્રીકટ સુરત સીટી સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતનાં મોજે અડાજણના બ્લોક/સર્વે નં.૫૮૮/૧/બ વાળી જમીન, જેનું ક્ષેત્રફળ ૨૭૭૨.૦૦ ચો.મી. છે અને જેનો ટી.પી.સ્કીમ નં.૧૦(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૯૯ વાળી જમીન, જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૧૫૯.૦૦ ચો.મી. છે તે જમીન ઉપર પાડવામાં આવેલા પ્લોટો, જે **"અલ્ટીમો બંગ્લોઝ"** ના નામથી ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી નીચે જણાવેલ પ્લોટવાળી મીલકત તથા તે મીલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક હિસ્સા સહીતની દરોબસ્ત.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

પ્લોટ નંબર	પ્લોટ ટાઈપ	પ્લોટનું ક્ષેત્રફળ ચો.મી.	રોડ–રસ્તા અને સી.ઓ.પી.માં વણવહેંચાયેલો હીસ્સો ચો.મી.	કાર્પેટ એરીયા રેરા મુજબ બાંધકામનું ક્ષેત્રફળ ચો.મી.	બિલ્ટઅપ એરીયાનુ બાંધકામનું ક્ષેત્રફળ ચો.મી.

જેની ચતુઃ દિશા નીચે મુજબ છે.

ઉત્તરે :–

દક્ષિણે :–

પુર્વે :–

પશ્ચિમે :–

.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ હમારા તન તથા મનની સંપુર્ણ સાવધ અવસ્થામાં વાંચી વંચાવી સમજી વિચારી કર્યો છે, જે હમો બીજા પક્ષનાને તથા હમો બીજા પક્ષનાના તમામ વંશ વાલી વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા થાય સહિ અને રહેશે સહિ.

અત્રે————————————————————મતુ. તત્રે————————————————————શાખ

"મેસર્સ ફ્રેન્ડસ ડેવલોપર" એક ભાગીદારી પેઢી વતી તથા તેના ભાગીદારો વતી અધિકૃત ભાગીદાર

——————————————————————————————

——————————————————————————————

(અમીતકુમાર ચંદ્રકાન્ત માલી)

——————————————————————————————

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

મીલકતનું પોસ્ટલ સરનામું : પ્લોટ નં.........., "અલ્ટીમો બંગ્લોઝ" અડાજણ,સુરત.

મીલકત ખરીદનારની સહી :

મીલકત વેચનારની સહી :

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

ખરીદનાર :-

ડાબા હાથના અંગુઠાનું નિશાન

૧..

( )

ફોટો

૨..

( )

ફોટો

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

_વેચનાર :–_ ડાબા હાથના અંગુઠાનું નિશાન

"મેસર્સ ફેન્ડસ ડેવલોપર" એક ભાગીદારી પેઢી વતી

તથા તેના ભાગીદારો વતી અધિકૃત ભાગીદાર

ફોટો

____

(અમીતકુમાર ચંદ્રકાન્ત માલી)

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		

દસ્તાવેજ નંબર .... તા...............

::પરિશિષ્ટ::

:: નોધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ ::

ક્રમ	પ્રશ્ન	જવાબ(હા કે ના)
૧.	લેખમાં દર્શાવ્યા મુજબ મોજે : સુરત ડિસ્ટ્રીકટ સુરત સીટી સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતનાં મોજે અડાજણના બ્લોક/સર્વે નં.૫૮૮/૧/બ વાળી જમીન, જેનું ક્ષેત્રફળ ૨૭૭૨.૦૦ ચો.મી. છે અને જેનો ટી.પી.સ્કીમ નં.૧૦(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૯૯ વાળી જમીન, જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૧૫૯.૦૦ ચો.મી. છે તે જમીન ઉપર પાડવામાં આવેલા પ્લોટો, જે **"અલ્ટીમો બંગ્લોઝ"** ના નામથી ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર..............,વાળી મીલકત તમોએ વેચાણ લેખ કરી આપેલ છે?	
૨.	લેખમાં દર્શાવ્યા મુજબ .... (ચો.મી.)મીલકત માટે લેખ કરી આપેલ છે?	
૩.	લેખમાં દર્શાવ્યા વિગતો મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ?	
૪.	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો?	
૫.	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે. ?	
૬.	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી, અંગુઠાનું નિશાન કરેલ છે ?	
૭.	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ?	
૮.	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો ?	

ઓળખાણ આપનારને પૂછવાના પ્રશ્નો :

૧	દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ?	
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે ?	
૩	કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહી **ઓળખાણ આપનારની સહી**

....

....

સહી

સબ રજીસ્ટ્રાર : ....

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ/બ્લોક/સર્વે નં.	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ	અડાજણ/૫૮૮/૧/બ		